એસ્ટેટ ખાતુ
સુએઝફાર્મ

## "રાઈટ ટુ ઈન્ફરમેશન" અંગે એસ્ટેટખાતુ સુએઝફાર્મની માહિતી

અમદાવાદ મ્યુનિ. કોર્પો.એ સમગ્ર શહેરના ગંદા પાણીના નિકાલ માટે અન્ડર ગ્રાઉન્ડ સીસ્ટમ ડ્રેનેજ દ્વારા એકત્ર થતા ગંદા પાણીના નીકાલ માટે સાબરમતી નદીના પુર્વ તરફના ભાગે પીરાણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા પશ્ચિમ તરફના ભાગે વાસણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવેલ છે. પીરાણા સુએઝફાર્મની કુલ જમીન સર્વે પ્રમાણે ૨૬૬૨ એકર જેટલી છે. અને વાસણા સુએઝફાર્મની કુલ જમીન સર્વે પ્રમાણે ૪૬૦ એકર જેટલી છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પો. દ્વારા સંપાદન કરેલ જમીનોમાં ૨૨૫ ખેડુતોને સાંથ ઉપર પીરાણા સુએઝફાર્મની જમીનો સુએઝફાર્મના પાણીથી ખેતી કરવા માટે આપેલ હતી. અમદાવાદ શહેરના નિકાલ માટે નવો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઉભો કરવામાં આવેલ અને તેમાં વધુ જમીનોની જરૂરીયાત ઉભી થતા આ સાંથ ઉપર આપવામાં આવેલ જમીનોના કબજા ખેડુતો પાસેથી મેળવવાની કાર્યવાહી કોર્ટોમાં દાવા તથા દરખાસ્તો વિગેરે કરવામાં આવેલ જે દરમ્યાન અમદાવાદ મ્યુનિ.કોર્પો. ને સાંથ ઉપર આપેલ જમીનોના ખેડુતોના પ્રતિનિધી એવા પીરાણા ખેડુત મંડળ સાથે સમાધાન કરવામાં આવેલ છે. જેમાં આ ખેડુતો જેટલી જમીનનો કબજો ધરાવતા હોય તેટલીની વન થર્ડ જમીન કાયમી ભાડા પટ્ટેથી આપવા સ્ટે. કમિટી ઠરાવ નં. ૨૭૦૪ તા. ૩૦/૩/૮૯ તથા જનરલ બોર્ડ ઠરાવ નં. ૯૬ તા. ૨૧/૪/૮૯ થી મંજુરી મળેલ છે. આમ સમાધાનમાં ૨૨૫ પૈકી ૧૮૧ ખેડુતો જોડાયેલા છે. તેઓને તેમના કબજા પ્રમાણે વન થર્ડ જમીન ફાળવવા ૫૦૨ એકર જેટલી જમીન ખેડુત મંડળને સોપેલ છે. બાકીના ખેડુતો પાસેથી કબજો મેળવવા કોર્ટ રાહે કાર્યવાહી ચાલુ છે.

મો.જે. હંસપુરા તા. દસક્રોઈ ના બ્લોક નં.૭૧,૭૨તથા ૭૩ની કુલ જમીન ૭૬,૨૮૩ ચો.મી. સુએઝફાર્મ હસ્તક છે. જેમાં કબજા અંગે કોર્ટ લીટીગેશન ચાલુ છે.

## સુએઝફાર્મ વિભાગની સ્ટાફની માહિતી

એસ્ટેટ ઓફિસરશ્રીના તાબા હેઠળમાં આસી.ટી.ડી.ઓ.શ્રી(સુએઝફાર્મ) નિમાયેલ છે. તેઓના સુપરવિઝનમાં સુએઝફાર્મ વિભાગ કામગીરી બજાવે છે. તેમની સુચના મુજબ સુએઝફાર્મ વિભાગના બે સબ ઈન્સપેકટર કોર્ટ કાર્યવાહી, દરખસ્તો અન્ય ડીપાર્ટમેન્ટને જમીનો ફાળવવી વિગેરે કામગીરી બજાવે છે. સુએઝફાર્મના વોચમેનો જમીનોની દેખરેખ તથા સારસંભાળ રાખે છે,જયારે રેવન્યુને લગતી બાબતો, સાંથની રકમ,ટોકનભાડુ તથા વહીવટી કામગીરી એક સીની. કલાર્ક અને એક જુની.કલાર્ક સંભાળે છે.